જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૫૨/૨૦૨૬**

પાલડીઃ જનકસિંહ ખુશાલસિંહ પરમાર (ઉ.વ.૫૯) (રહે. ભગવાનનગર ચાલી અજીત સોસાયટી પાસે પાલડી) એ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને–૨૦૨૫ થી આજ દિન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી પ્રતિક્ષા કોમ્પલેક્ષ દુકાન નંબર– ૮૦૧, ૮૦૯, ૧૦૦૫ ખાતે આરોપી તકશીલ મયંકભાઈ શાહ (રહે. મંગલમુર્તિ એપાર્ટમેન્ટ નારણપુરા) એ પોતાની "પિતૃકૃપા મોટર્સ લીમીટેડ" કંપની છે જેમાં રોકાણ કરવાથી ફાયદો થશે તેમ જણાવી તેઓની કંપનીમા દર મહીને ૨% નફો આપવાનું જણાવી વિશ્વાસમાં લઈ જનકસિહ પરમાર પાસેથી રૂપિયા ૫,૦૦,૦૦૦/– રોકાણ કરાવી આજ–દિન સુધી રોકાણ કરેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ક્રિશ્ચિયન ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૩૫૩/૨૦૨૬**

સરખેજઃ યોગેન્દ્ર બાબુલાલ ત્રિવેદી (ઉ.વ.૬૨) (રહે. જયરથ એપાર્ટમેન્ટ વિવેકાનંદ પાર્ટી પ્લોટ પાસે વેજલપુર) એ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૬ રાતના ૦૯/૦૦ થી કલાક ૧૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ એસ.પી.રીંગ રોડ પાસે સવાના પાર્ટી પ્લોટના ગેટ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેડીઝ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૭૦,૦૦૦/–, પાટલા કિમત રૂપિયા ૩૦૦૦/– તેમજ રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૩,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.ચૌધરી ચલાવે છે.

ચાંદખેડાઃ ચાંદખેડા માનસરોવર રોડ ભુલાભાઇ પાર્ક–૩ દુકાન નંબર–બી/૧૩ ખાતે રહેતા અનિલ સ/ઓ મેવાલાલ ગૌતમ (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ–હરૈયા (વાઇપાર) પોસ્ટ–હરૈયા અર્જુનપટ્ટી આજમગઢ ઉતરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૬ સવારના ૦૮/૩૦ વાગ્યા પહેલા ચાંદખેડા દુકાન ખાતે પંખા સાથે રસ્સો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર મંગુભાઇ ચલાવે છે.

સાબરમતીઃ ધારાબહેન ચેતનભાઇ સુવાલીયા (ઉ.વ.૩૫) (રહે. શુકન સ્માઇલ સીટી ફ્લેટ બલોલનગર બ્રીજ નીચે ન્યુ રાણીપ સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૦૮/૦૩/૨૦૨૬ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.રાઓલ ચલાવે છે.

ઓઢવઃ પાર્વતી વા/ઓ ઋષિકેશ કુશવાહ (ઉ.વ.૩૦) (રહે. નિલકંઠ પાર્ક સોસાયટી મહેશ્વરી સોસાયટી પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૩/૨૦૨૬ રાતના ૦૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ઝાડની ડાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ વિંઝોલ વિનોબાભાવેનગર ખાતે રહેતા કાજલ ડો/ઓ હુકુમસિંગ રાણા (ઉ.વ.૨૪) (મુળ વતન. સુભાષનગર જવાહર હોટલ કોકાઉન્ટ ગોડાઉન માર્ગે ઉલાસનગર થાણે મહારાષ્ટ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.સાનીયા ચલાવે છે.

નારોલઃ આસ્થા સુરેશભાઇ ડોરીયા (ઉ.વ.૧૮) (રહે. પ્લેટિનિયમ બ્લુ સ્કાય ફ્લેટ ઓરબીટ મોલની બાજુમાં ભમરીયા પાસે લાંભા રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૩/૨૦૨૬ રાતના ૦૯/૧૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે સાતમાં માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી